## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મારી દવાનાં કાગળ તારાથી ખોવાઈ જાય છે... હમણાં વીલ બનાવી દઉ તો તે ક્યારેય ન ખોવાઈ જાય...!

# શહેર આસપાસ બે માર્ગ અકસ્માતમાં ત્રણના મૃત્યુ

## ઝુંડાલ રાઘવ ફાર્મ પાસે ડમ્પરની અડફેટે બપોરે એક્સેસ પર જતા બે મિત્રોને કચડી માર્યા : પ્રાંતિયા પાસે પરોઢીયે અકસ્માત થતો અટકાવવા ટ્રક રોડ પરથી ઉતરીને ઝાડ સાથે ટકરાઈ પલ્ટી મારી જતા ડ્રાઈવરનું મોત : બે વાહનો ટ્રક નીચે કચડાઈ ગયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર આસપાસના બે અલગ-અલગ વિસ્તારોમાં સર્જાયેલા બે માર્ગ અકસ્માતોમાં ત્રણના મૃત્યુ થઈ જવા પામ્યા હતા. પરોઢીયે પ્રાંતિયા પાસે ઓવરટેક કરતા સામે આવી ગયેલા વાહનથી અકસ્માત થતો અટકાવવા રોડની નીચે ઉતરી ગયેલો ટ્રક ઝાડ સાથે ટકરાયો અને પલ્ટી મારી ગયો હતો. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવરનું મૃત્યુ થઈ જવા પામ્યુ હતુ. આ અકસ્માતમાં ટ્રક પલ્ટી મારીને જ્યા ઉંધો પડ્યો ત્યા બે વાહનો પાર્ક થયેલા હતા તે બંને વાહનો પાપડ થઈ ગયા હતા. તો બીજી તરફ ઝુંડાલ રાઘવ ફાર્મ પાસે ડમ્પરની અડફેટે બપોરે એક્સેસ પર સવાર બે યુવાન મિત્રોના સ્થળ પર જ પ્રાણ ઉડી ગયા હતા. ડભોડા અને અડાલજ પોલીસે ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મોરબીથી કોલસી ભરીને એક ટ્રક મોટા ચિલોડા આવી રહી હતી ત્યારે પરોઢીયે પ્રાંતિયા પાસે ટ્રકને અકસ્માત નડ્યો હતો. ઓવરટેક કરીને સામે આવી ગયેલા વાહનથી અકસ્માત થતો બચાવવા ટ્રકચાલક દિલીપકુમાર સિદ્ધરાજસિંહ શિકરબારે ટ્રકનું સ્ટીયરીંગ ફેરવી દેતા ટ્રક રોડની નીચે ઉતરી ગયો હતો. ઝાડ સાથે ટકરાઈને આ ટ્રક પલ્ટી મારી જતા રાજસ્થાનના ડ્રાઈવર દિલીપકુમારનું સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું હતું.

આ ટ્રક જ્યા પલ્ટી મારી ત્યાં રિક્ષા અને એક્ટીવા પાર્ક થયેલા પડ્યા હતા. ત્યાં ટ્રક પલ્ટી મારતા તે વાહનો કચડાઈને પાપડ જેવી હાલતમાં થઈ ગયા હતા. ડભોડા પોલીસે ગુનો નોંધી ગુનાની તપાસ શરૂ કરી છે તો બીજી તરફ અમદાવાદ ચાંદખેડા વિસ્તારમાં રહેતા પરેશ શંકરલાલ રાવલ આજે તેના મિત્ર વિપુલ પાટીલને પોતાના એક્સેસ પાછળ બેસાડી અંબાપુરથી ચાંદખેડા તરફ લઈ જઈ રહ્યો હતો. ઝુંડાલ રાઘવ ફાર્મ પાસે એક્સેસને બેફામ ગતિએ આવતી ડમ્ફરકે અડફેટે લઈ લેતા એક્સેસ સવાર બંને યુવાન મિત્રોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા. આ ઘટના અંગે મૃતક પરેશ રાવલના ભાઈ શૈલેષ રાવલની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ડમ્પરચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.





# ગોતા ખાતે માતા-પુત્રનો ૧૪માં માળેથી પડતુ મૂકી આપઘાત

શહેરના ગોતા વિસ્તારમાં એક માતાએ પોતાના પુત્ર સાથે અચાનક જ રહસ્યમય સંજોગોમાં ૧૪મા માળેથી પડતું મૂકી આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં જબરદસ્ત અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બનાવને પગલે સોલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ આરંભી હતી. પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો નોંધી આડોશપાડોશના નિવેદનો લેવા સહિતની તપાસ હાથ ધરી હતી. આ બનાવની વિગત એવી છે કે, વસંતનગર સૂર્યદીપ સોસાયટી ખાતે રહેતા રમીલાબહેન કનુભાઈ રબારી(ઉ.વ. ૨૮) તેમના ૭ વર્ષના આશરાના પુત્ર અક્ષયને લઈને નજીકમાં જ વસંતનગર ટાઉનશીપ પાસે બની રહેલી મુખ્યમંત્રી આવાસ યોજનાના ૧૪ માળે ધાબા પર પહોંચ્યા હતા અને ત્યાંથી અચાનક જ પોતાના પુત્ર અક્ષય સાથે નીચે પડતુ મૂક્યું હતું. માતા અને પુત્ર જમીન પર પડતાંની સાથે જ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડયા હતા. માતા અને પુત્રના બંનેના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા.





સેકટર-૨૫ જીઆઈડીસીમાં છેલ્લા ૩ મહિનાથી ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. રહેણાંક વિસ્તારમાં આરસીએલ-ઈ બ્લોક પાસે ગટરનું દુષિત પાણી ઉભરાવવાથી ખદબદતી ગંદકી વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગંદકીને લીધે સ્થાનિક રહીશોમાં રોગચાળાની દહેશત પ્રવર્તિ છે. ત્વરીત અસરથી આ સમસ્યાનું નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# એમએસએમઈની બેઠકમાં ડીલે પેમેન્ટની કામગીરી ઝડપી બનાવવા ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનની રજુઆત

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકાર દ્વારા લઘુ ઉદ્યોગોના વિકાસ અર્થે સ્મોલ એન્ડ મીડીયમ ઈન્ડસ્ટ્રીઝની કચેરી ગાંધીનગર ખાતે શરુ કરવામાં આવી છે. સમગ્ર રાજયના વિવિધ એસો.ની પ્રથમ બેઠક તાજેતરમાં કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.જેમાં લઘુ ઉદ્યોગો અંગે ચર્ચા અને વિચારણ થઈ હતી.

અત્યારે હાલના સમયે લઘુ ઉદ્યોગોના કમિશનર તરીકે રતનકુંબરબા ગઢવી કાર્યરત છે. તેમજ ઉપપ્રમુખ તરીકે વીણાબેન પરીખ હાજર રહીને એમએસએમઈ સેકટરના પડતર પ્રશ્નોની ધારદાર રજુઆત અને વિશ્લેષણ કર્યુ હતું. આ બેઠકમાં ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી દિનેશસિંહ ચાવડાએ જીઆઈડીસીની પ્લોટ ફાળળણીની નીતિ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીઓની કામગીરી અસરકારક અને રચનાત્મક બનાવવા, સીક (માંદા) ઉદ્યોગ, યુનિટનો સર્વે કરી તેમને જરુરી આર્થિક અને વહીવટી મદદ કરવા, સરકારની પ્રોત્સાહક યોજનાઓના અમલીકરણમાં જાગૃતિ અને સરળીકરણ કરવા, રીઝર્વ બેંન્ક ઓફ ઈન્ડીયાની સ્લીક મીટીંગમાં કાયમી પ્રતિનિધિત્વ દ્વારા એમએસએમઈ સેકટરના બેન્કીંગ વિભાગના પ્રશ્નોના નિરાકરણ માટે રજુઆત કરવામાં આવી હતી. સરકાર દ્વારા એમએસએમઈ સેકટરને નાણાકીય સંરક્ષણ અર્થે રચના કરવામાં આવેલ ડીલે પેમેન્ટની સ્ટેટ ફેસીલીટેશન કાઉન્સીલની કામગીરી અસરકારક અને નિયમિત કરવા ભારપૂર્વક રજુઆત કરવામાં આવી હતી. આ કાઉન્સીલના સભ્ય તરીકે ફેડરેશન સેવાઓ બજાવે છે. હાલમાં કાઉન્સીલ પાસે ૨૦૦ કરતા વધુ કેસ પેન્ડીંગ છે. સરકાર દ્વારા એમએસએમઈ સેકટરની અગત્યની નાણાંકીય સંરક્ષણ અર્થે રચાયેલ કાઉન્સીલમાં અપૂરતા સ્ટાફ અને બિનઅસરકારક આયોજનના કારણે શરુઆતથી જ કેસોને બરાવો થવા માંડયો છે. તેના કારણે કેસોના નિકાલમાં વિલંબ થાય છે. ઉદ્યોગકાર વિલંબિત ચુકવણાથી વ્યથિત હોય છે ત્યારે કાઉન્સીલમાં આવતા કેસોનો સમયસર નિકાલ ન થતા વધુ વિલંબ સહન કરવાની સમસ્યા પણ ઉભી થાય છે. ફેડરેશન દ્વારા આ કાઉન્સીલમાં પૂરતા સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે અને કાઉન્સીલની રચનાનો હેતું સાર્થક બને તે માટે રજુઆત કરવામાં આવી છે.

# થેલેસેમિયા-હિમોફિલીયા-સિકલસેલ એનિમિયાના દર્દીઓને મોંઘી દવા રાજ્ય સરકાર પૂરી પાડશે

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ માનવી સંવેદના સ્પર્શી અભિગમ અપનાવતાં જણાવ્યું કે રાજ્યમાં થેલેસિમિયા, હિમોફિલીયા અને સિકલસેલ એનિમિયાના રોગીઓની દવા વિનામૂલ્યે રાજ્ય સરકાર પૂરી પાડશે. તેમણે કહ્યું કે, આદિજાતિ શ્રમિકોમાં વિશેષરૂપે જોવા મળતા સિકલસેલ એનિમિયાના રોગીઓને શ્રમ-પરિશ્રમ કરવાથી મૂક્તિ મળે અને તેમનો નિર્વાહ થઈ શકે તે માટે આવા રોગીઓને રાજ્ય સરકાર પેન્શન પણ આપશે.

મુખ્યમંત્રી અમદાવાદમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત બ્રાન્ચના નવા રેડક્રોસ ભવનના લોકાર્પણ તેમજ સેન્ટર ફોર થેલેસિમિયા-સિકલસેલ પ્રિવેન્શન કંટ્રોલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટરના ઉદઘાટન અવસરે સંબોધન કરી રહ્યા હતા. તેમણે ૧૫ મોબાઈલ બ્લડ કલેક્શન વાનનો પણ પ્રજાર્પણ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી તથા રેડક્રોસના પદાધિકારીઓ અને મુખ્યદાતા તુલસીભાઈ તંતીની ઉપસ્થિતિમાં કર્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, માનવજીવનમાં રક્ત-લોહિ અગત્યનું પરિબળ છે. એટલું જ નિહ, કોઈની જિંદગી બનાવવા રક્તદાન જેવું મહાદાન કોઇ નથી. ગુજરાતે સેવા પરાયણતાના સંસ્કાર ઉજાગર કરતાં ગત વર્ષે ૮ લાખ ૬૫ હજાર યુનિટ બ્લડ એકત્ર કર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્યમાં ૧૪૨ બ્લડ બેન્ક તથા રેડક્રોસની ૧૬ બ્લડ બેન્ક કાર્યરત છે હવે આ નવી ૧૫ બ્લડ કલેકશન વાનથી સ્વૈચ્છિક રકતદાનનો પ્રવાહ અંતરિયાળ વિસ્તારોમાં પણ વધશે.

# રાજ્યની બ્યુરોક્રેસીમાં 'A' નો વટ

## સૌથી વધુ ૩૫ ઓફિસરના નામમાં અંગ્રેજી મૂળાક્ષર 'A' આવે છે

ગુજરાત સરકારની બ્યુરોક્રેસી જવાન બની છે. ૭૫ ટકા આઈએએસ ઓફિસરો યુવાન છે. સિનિયરોની નિવૃત્તિ પછી એક નવી જ કેડર સચિવાલયમાં જોવા મળી છે. આપણા ૨૪૦ આઈએએસ ઓફિસરોમાં સૌથી વધુ અંગ્રેજી મૂળાક્ષર એ નામધારી છે. ૩૫ ઓફિસરો એવાં છે કે જેમનું નામ એ મૂળાક્ષરથી શરૂ થાય છે. પી મૂળાક્ષર ધરાવતા ઓફિસરોની સંખ્યા ૨૧ છે. આર નામથી શરૂ થતા ઓફિસરો ૩૩ છે. ૩૧ નામ એસ થી શરૂ થાય છે. બીજી તરફ વાય નામ એક જ છે અને તે યોગેશ ચૌધરી છે. યુ નામ પણ એક જ છે અને તે ઉદીત અગ્રવાલ છે. ઓ નામમાં ઓએ સંજીવ છે. એલ થી નામ શરૂ થતું હોય તેવા બે ઓફિસરો એલ ચુંઆંગો અને એલપી પાડલિયા છે. ગુજરાતની આઈએએસ કેડરમાં કુલ ઓથોરાઈઝ્ડ સ્ટ્રેન્થ ૨૬૦ની છે. એ ઉપરાંત રાજ્યમાં ગુજરાત એડમિનિસ્ટ્રેટીવ સર્વિસમાં કુલ ૧૨૮ ઓફિસરો ફરજ બજાવે છે.

### "ચલો સ્કૂલ ચલે હમ"- સરકારના પ્રધાનો અને ઓફિસરોના વોહ સાત દિન

**ફિલ્મ જોઇને પ્રધાન ભાવુક બની ગયા ...**

આપણા શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા હિન્દી મિડીયમ નહીં પણ ગુજરાતી મિડીયમમાં ભણ્યા છે છતાં તેમણે હિન્દી મિડીયમ ફિલ્મ જોઈ છે. આપણા ઈરફાન ખાન સાથે પાકિસ્તાનની હિરોઈન સબા કમર આ ફિલ્મમાં છે. ફિલ્મની કહાણી એવા માતા-પિતાની છે કે જે પોતાના સંતાનને અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ભણાવવા ઈચ્છે છે પરંતુ આવી સ્કૂલોની હાલત જોઈ એવું ફિલ થાય છે કે અંગ્રેજી માત્ર ભાષા જ નહીં પણ સ્ટેટસ છે. ફિલ્મનું નિરૂપણ ખૂબ જ સુંદર છે. દિકરીનું એડમિશન મેળવવા વાલી શું કરે છે તે દર્શાવાયું છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ પ્રેમાળ છે. સંવેદનશીલ છે. લાગણીશીલ છે. તેમણે તો આ ફિલ્મ જોઈ પરંતુ સાથે સાથે ટીચર્સને પણ બતાવી હતી. ટીચર્સ સાથે તેમણે આ ફિલ્મ જોઈ છે અને કહે છે કે દરેક માતા-પિતાએ આ ફિલ્મ જોવા જવું જોઈએ. તેઓ હંમેશા માને છે કે જ્યારે જે થાય છે તે થવા દો, રંજ ન કરો- ખરાબ દિવસો હોય તો સારા દિવસો પણ આવે છે.





**મેઇક ઇન ઇન્ડિયા સૂત્ર- ફિલ્મો નિભાવે છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું આપણી ફિલ્મો પૂરૂં કરે છે. મેઈક ઈન ઈન્ડિયા એ તેમનો નારો છે. દેશ વિદેશના ઉદ્યોગકારોને આમંત્રણ આપી તેઓ ભારતમાં બોલાવે છે. ભારતનું વિશ્વભરમાં તેઓ બ્રાન્ડિંગ કરે છે. સાચા અર્થમાં જો મેઈક ઈન ઈન્ડિયા હોય તો આમીર ખાન અભિનિત ફિલ્મ દંગલ અને પ્રભાસ અભિનિત ફિલ્મ બાહુબલી-૨ છે. આ બન્ને ફિલ્મોએ રેકોર્ડબ્રેક ૧૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધારે વકરો કર્યો છે. વેપારી ચાઈના આપણા ભારતમાં સસ્તી ચીજવસ્તુઓ વેચીને કરોડો રૂપિયા લઈ જાય છે ત્યારે આ બન્ને ફિલ્મોએ ચાઈનામાં ધૂમ કમાણી કરીને આપણી ઈકોનોમીને પાછી લાવવામાં મદદ કરી છે. આને કહેવાય મેઈક ઈન ઈન્ડિયા...

### "હિન્દી મિડીયમ"- ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શિક્ષકો સાથે જોયેલી એક ફિલ્મ

**ફરીવાર ગુજરાતી ફિલ્મોનો યુગ શરૂ થયો છે...**

ગુજરાતી ફિલ્મોનો યુગ શરૂ થયો છે. આપણા ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન પછી ફરી એકવાર એવું લાગે છે કે આપણે આપણી ભાષાની ફિલ્મ જોઈએ છીએ. એક જમાનો હતો કે ઉપેન્દ્ર ત્રિવેદીની ફિલ્મો ગુજરાતના થિયેટરોમાં હાઉસફુલ જતી હતી. ખૂબ લોકપ્રિય બનેલી ફિલ્મોના કારણે ગુજરાતી કલાકારોને હિન્દી ફિલ્મોમાં પણ ખૂબ કામ મળી રહેતું હતું. આજે ફરી ગુજરાતી ફિલ્મોનો સમય આવ્યો છે. હાલની ગુજરાતી ફિલ્મોના નામ મોર્ડન છે અને કહાની પણ મોર્ડન હોય છે એટલે લોકોને ગમે છે.દક્ષિણ ભારતમાં જો ફિલ્મો રેકોર્ડબ્રેક સમય સુધી ચાલતી હોય, પંજાબ, રાજસ્થાન કે મહારાષ્ટ્રમાં જો ભાષાકીય ફિલ્મોને આંચ ન આવતી હોય તો આપણે ગુજરાતી કેમ પાછળ રહી જઈએ. સરકારની આર્થિક સહાયના કારણે ગુજરાતી ફિલ્મોનું નિર્માણ શક્ય બન્યું છે. કહેવાય છે કે એક સપ્તાહમાં એક નવી ગુજરાતી ફિલ્મ આવી રહી છે. આપણા ગુજરાતીઓ માટે એ ગૌરવનો વિષય છે.

### ગુજરાતી ફિલ્મોનો યુગ શરૂ થયો પરંતુ "પ્રાઇમ ટાઇમ" અપાતો જ નથી

**ગુજરાતી ફિલ્મો માટે સરકાર આટલું કરે...**

ગુજરાતી ફિલ્મો બને અને થિયેટરોમાં ચાલે તે માટે રાજ્ય સરકાર ઈન્સેન્ટીવ ભલે આપતી હોય, એવોર્ડ ભલે આપે, આર્થિક સહાય ભલે કરે પરંતુ જ્યાં સુધી મલ્ટીપ્લેક્સ તે ફિલ્મને પ્રાઈમ ટાઈમમાં નહીં બતાવે ત્યાં સુધી તેનો કોઈ અર્થ નથી. જાણવામાં આવ્યું છે કે ગુજરાતી ફિલ્મને પ્રાઈમ ટાઈમમાં મૂકવા માટે સપ્તાહ પ્રમાણે વધારાના દામ ચૂકવવા પડે છે. એટલું જ નહીં ફિલ્મને ચાર કે પાંચ સપ્તાહ ચલાવવા માટે પણ દક્ષિણા આપવી પડે છે. રાજ્ય સરકારે આ સિસ્ટમમાં સુધારો લાવીને મલ્ટીપ્લેક્સને ગુજરાતી ફિલ્મો પ્રાઈમ ટાઈમમાં દર્શાવવા માટે ફરજીયાત આદેશ કરવો જોઈએ, કારણ કે મલ્ટીપ્લેક્સના માલિકો પ્રાઈમ ટાઈમમાં માત્ર હિન્દી ફિલ્મો જ બતાવે છે. ગુજરાતી ફિલ્મ માટે સવાર કે બપોરનો સમય ફિક્સ કરે છે...

**પ્રધાનો અને ઓફિસરો પાછા સ્કૂલમાં જશે...**

ચલો સ્કૂલ ચલે હમ... ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ શરૂ થઈ રહ્યો છે. આપણા પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓ સચિવાલયની ચેમ્બર છોડીને શહેરો અને ગામડાની સ્કૂલમાં જઈને બાળકોને દાખલો કરાવશે. તેમની સાથે ચર્ચા કરશે. તેમની સાથે ભોજન લેશે. તેમને શિક્ષણના પાઠ ભણાવશે. ૮ થી ૧૦ જૂન સુધી ગ્રામીણ વિસ્તારની સ્કૂલોમાં અને ૨૨ થી ૨૪ જૂને શહેરી વિસ્તારની સ્કૂલોમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે. આટલા દિવસ નોટ કરીને રાખજો, કારણ કે આ દિવસોમાં સચિવાલય ખાલીખમ થઈ ચૂક્યું હશે. મુલાકાતીને પ્રધાન કે ઓફિસર તેમની ચેમ્બરમાં મળશે નહીં. સ્કૂલોમાં આપણી સરકાર ત્રણ વખત જાય છે. એક શાળા પ્રવેશોત્સવ, બીજો ગુણોત્સવ અને ત્રીજો આરોગ્ય તપાસણી કાર્યક્રમ. આરોગ્યમાં જો કે આરોગ્ય વિભાગના અધિકારીઓ અને પ્રધાન મુખ્ય હોય છે, પરંતુ સ્કૂલોમાં પ્રવેશોત્સવ અને ગુણોત્સવમાં આખું સચિવાલય જતું હોય છે. અધિકારીઓને ગામડાની માટી ખૂંદવી પડે છે...